નામ:- મૈયા ખુશી બિહારીલાલ.


ધોરણ:- 9th

વર્ગ:- F

રોલ નંબર:-45

વિષય:- હિંસા અને હું

શાળા:- શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલ - ભુજ.



VIOLENCE
AND
ME

## * પ્રસ્તાવના (Introduction)

→ આજના આપણા આધુનિક જીવનમાં માણસ ઘણી બધી પ્રગતિ કરતો જણાય છે. શું આ સિક્કાની પાછળની બાજુ આટલી જ ચમકદાર છે? ના.. ના... આપણા સમાજમાં સ્ત્રી અને પુરુષ આજે બંને હિંસાનો ભોગ ક્યાંક ને ક્યાંક બનતાં જોવા મળે છે. પરંતુ આજે વધારે પડતાં સ્ત્રી હિંસા વધુ જોવા મળે છે. આપણા સંવિધાનમાં ઘણા બધા હક હોવા છતાં આપણે એને ભોગવી શકતા નથી. ઉપરથી ક્યાંક કોઈમાં કટુવચનો, માર, ટીકા, યાતનાનો ભોગ બનીએ છીએ. નાના બાળકથી લઈને વૃદ્ધો પણ ઘરેલું હિંસામાંથી બાકાત નથી. આજે પણ આપણા સમાજમાં એવાં ઘણાં કુટુંબો છે. જેમાં સંતાનો તેમનાં માતા પિતા સાથે દુર્વ્યવહાર, માર, ખરાબ વર્તન કરે છે. તેમજ તેમને સગવડ આપવાને બદલે અગવડ ઊભી કરે છે.

• ઘરેલું હિંસાનો સૌથી વધુ ભોગ બનનાર જો કોઈ હોય તો તે મહિલાઓ છે.

1. નાની બાળા - જાતીય સરખામણી
2. પુખ્ત મહિલા - છેડતી, દુર્વ્યવહાર
3. પરિણીત સ્ત્રી - દહેજ, માર, વેઠ
4. વૃદ્ધા - માર, ભૂખમરો

→ "નબળો ધણી બૈરી પર શૂરો"

કહેવત છે કે નબળો ધણી બૈરી પર શૂરો એ ન્યાયે સ્ત્રી ઉપર અત્યાચાર કરે છે. દારૂ પીને પત્ની સાથે મારકૂટ કરે છે. છતાં પત્નીએ બધું સહન કરવાનું! ક્યારેક તો પુરુષના શબ્દો એ એક ઉપેક્ષાભરી નજર પણ સ્ત્રી હૃદયના ટુકડે ટુકડા કરી શકે છે. આ બધું અન્યાય, અપમાન, અત્યાચાર સ્ત્રીઓને ક્યાં સુધી સહન કરશે?

→ મહિલાઓએ પોતાના હક અને અધિકાર મળવા જ રહ્યા. શું આપ માનો છો કે મહિલાઓને કેટલા હક અને અધિકાર પ્રાપ્ય છે.

ચાલો,....
તો આપણે જોઈએ સૌપ્રથમ ઘરેલું હિંસાના પ્રકારો.

ઘરેલું હિંસાના પ્રકારો.

"અત્યાચાર કરે સ્ત્રી પર જે કોઇ,
તે તો સૌ ઘોર નરકના અધિકારી."

* શારીરિક હિંસા.

→ ઝૂંટવી લેવું.
→ ત્રાસ આપવો.
→ તમાચો મારવો
→ મારકૂટ કરવી
→ વાળ ખેંચવા
→ બચકાં ભરવા.

આપણે જાણીએ છીએ કે આપણી આસપાસ ઘણી આવી ઘણી ઘરેલું હિંસા થતી હોય છે. પણ, આપણને આ બધી ખબર હોય છે? પણ આ બધુ હવે આજની કોઈ પણ સ્ત્રીને સહન ન કરવાની સલાહ પાછળ દોરવાનું છે.

* જાતીય સતામણી.

→ શારીરિક સતામણી
→ શારીરિક હુમલો
→ જાતીય ક્રિયાશીલતા માટે દબાણ / ધમકી / જબરજસ્તી.

સ્ત્રીઓ, નાની બાળા, વૃદ્ધા, તરુણી કે નવોઢા માટે અતીય સતામણી આજના સમાજમાં એક સામાન્ય બાબત બની ગઇ છે.

* નાણાંકીય (આર્થિક) સતામણી

→ શાળા કે નોકરીએ જવાની પ્રતિબંધ.
→ પોતાના હસ્તક રાખવું.
→ સ્ત્રીધનનો હક્ક / કબજો.

આજના જમાનાની સ્ત્રીઓ કે છોકરીઓ, તરુણીઓ બધાં અમીર થવા માંગે છે અથવા પોતાના હસ્તક ગુજરાન ચલાવવા માંગે છે. ન કોઈ પાસે ધિરાણ લઈને ગુજરાન ચલાવવાનું તેથી ગામની બાળાઓ, છોકરીઓ, તરુણીઓ ને ન ભણવાનું કે ન ભણીને નોકરી કે ન શાળા જવાનો અધિકાર રહે છે. તેથી આજે અમુક ટકા સ્ત્રીઓ અભણ રહે છે. અને ભણવાથી વંચિત રહે છે. આવી રીતે ઘરમાં સ્ત્રીને પોતાનો હક્ક કે ધન હસ્તક મળતું નથી.

* લાગણીજન્ય સંતાપ

→ સતત ટીકા કરવી.
→ સતત વઢવું તે
→ અવગણના કરવી
→ આપણી સરખામણીમાં ઓછી ગણવી
→ જાહેર ધમકી આપવી.

આપણે સૌ જાણીએ છીએ કે, સ્ત્રીઓ કેટલી બધી લાગણી ધરાવતી હોય છે. અને દુ:ખ કે સુ:ખને અનુભવી શકે છે. જ્યારે સ્ત્રીને કુંટુબીજનો કે પતિ દ્વારા તેને વઢવામાં આવે છે અથવા તો એમ કહે કે "તને મારી વાતમાં ખબર શું પડે ?" આવી રીતે જ્યારે સ્ત્રીને ઉતારી

પાડવામાં આવે અથવા તો ધમકી આપવામાં આવે છે ત્યારે સ્ત્રીનું હ્રદય કેટલું તૂટી પડે છે. તે તમને ખબર છે? ત્યારે સ્ત્રી ખૂબ જ અશક્ત થઈ જાય છે. ત્યારે સ્ત્રી પોતે રડી પણ શકતી નથી અને જીવી પણ શકતી નથી.

* માનસિક ત્રાસ.

→ નાણાકીય સ્વતંત્રતામાં અવરોધ.
→ શારીરિક ક્ષતિ પહોંચાડવાની ધમકી.
→ બાળકોને અપાતી ધમકી
→ વસ્તુ કે સ્ત્રીના સંગા-સંબંધીઓને મારી નાખવાની ધમકી
→ ક્યાંય ન જવા આપવાની ધમકી

તમને ખબર જ હશે કે કોઈ તમને શારીરિક ઈજા પહોંચાડે ત્યારે તમને જે ઘા વાગે છે. ત્યાં લોહી નીકળે છે કે નિશાન થઈ જાય છે પણ જે સ્ત્રીને કે છોકરીઓને, નાની બાળાઓને જે ધમકી આપવામાં આવે છે. કોઈને પણ આપણે બતાવી શકતા નથી પણ શારીરિક ઈજા થાય છે. ત્યારે આપણે બતાવી શકીએ છીએ કે મને આ થયું છે? ત્યારે સ્ત્રી ખૂબ જ તૂટી જાય છે. જ્યારે સ્ત્રી પુરુષના કહ્યા પ્રમાણે નથી કરતી ત્યારે તેની ધમકી કે માવતરે જવાની ના પાડી દે છે. જો સ્ત્રી ન માને આપે તો તેને કહે છે કે 'જો તું મારું કહ્યા પ્રમાણે નહીં ચાલે તો તારા માવતર વારામાંથી મારી નાખીશ". આવી રીતે સ્ત્રી સાથે દુર્વ્યવહાર થાય છે. જો ક્યારેય આપણી આજુબાજુમાં આવા કોઈ પણ પ્રકારના દુર્વ્યવહાર થતા હોય તો આપણે શપથ લઈએ કે તેને આપણે સહન નહીં કરીએ અને તરત જ જે વ્યક્તિ દુર્વ્યવહાર કરતો હોય તેને તાત્કાલિક પોલિસને હવાલે કરી દઈશું અને તેને લોકઅપમાં રાખશું અને સજા પણ એવી દેશું કે કોઈ પણ સાથે દુર્વ્યવહાર કરતાં તો પહેલાં વિચારે".

* ધાર્મિક હિંસા.

→ ધાર્મિક અલગપણું
→ ગમે તે સ્થળે કે ધર્મને લગતા સ્થળે જવાના પર પ્રતિબંધ.
→ ગમે તે બાળક સાથે દોસ્તી પર પ્રતિબંધ.

આપ જાણો જ છો કે આજના સમાજમાં હિન્દુ અને મુસલમાનો વચ્ચે ઘણો ભેદભાવ જોવા મળે છે. આજે જો હિન્દુ અને મુસલમાનો અમુક સ્થળે ઝઘડા કરતા હોય છે અથવા તો તે મારપીટ પર જ આવી જાય છે. આવી રીતે ધાર્મિક હિંસા થાય છે. પરંતુ જે ઘરમાં હિન્દુની છોકરી તે મુસલમાનની છોકરી સાથે સંબંધ હોય છે. તો ઘરમાંથી કહેવામાં આવે છે કે "તું આની સાથે સંબંધ તોડી નાખ, નહિં તો તને ઘરમાંથી બહાર જવા નહીં મળે." આવી રીતે ધમકી આપીને ધાર્મિક દબાવ આપવામાં આવે છે.

આવી રીતે અનેક હિંસા થતી હોય છે તે આપણા ઘરની આસપાસ થતી હોય છે, અથવા આપણી આંખની સામે થતી હોય છે. તો પણ આપણે ચૂપચાપ બેસી રહીએ છીએ.

પરંતુ, હવે આપણને ચૂપચાપ બેસવાનું નથી. આપણને હવે ઘણી બધી સુવિધાઓ મળી છે હિંસાથી બચવાની. તો ચાલો હવે આપણે તે સુવિધા વિશે જાણીએ.

* ઘરેલુ હિંસામાં મદદ માટે

→ જો સૌપ્રથમ તો આપણને ઘરમાં રોકવામાં આવે, ધમકી આપવામાં, ત્રાસ આપે, અથવા મારપીટ કરે, અથવા શારીરિક ત્રાસ આપવામાં આવે તો તેનાથી દૂર થઈ એક રૂમમાં જઈ રૂમ બંધ કરી દેવો.

→ પછી પોતાનો ફોનનાં નંબર બદલી નાખવા કે જેથી પોતાના કુટુંબીજનોને ખબર ન પડે કે તે પોલિસ હેલ્પલાઈન પર ફોન કરે છે

→ આવી રીતે જે ખબરમાં શારીરિક પરેશાન કરે જે પણ વ્યક્તિ તો ત્યાં પોતાની બધી જ વાત પોતાની ખૂબ જ નજીકની વ્યક્તિ સાથે સંપર્ક કરવો. અને આ ન થાય તો નજીકની પોલીસ સ્ટેશનમાં જઈને રજીસ્ટ્રેશન કરાવું.

→ પછી તે વ્યક્તિને રંગે હાથે પકડાવું. આવી રીતે બધાં હિંસાનો આપણને સામનો કરીને આપણા દેશને પછી પૂરા વિશ્વને હિંસા મુક્ત કરવું છે.

તો ચાલો આપણે કહીએ...

VIOLENCE AND ME